ફીશરમેન અવેરનેસ પ્રોગ્રામ.

પ્રથમ તબક્કો....

ગુજરાત સરકાર

**ગૃહ વિભાગ**

ઠરાવ ક્ર:વિ.5/SKD/૧૦૨૦૧૦/1999

સચિવાલય, ગાંધીનગર,

**તા.9/06/2011.**

**વંચાણમાં લીધા:-**

(1) અધિક પોલીસ મહાનિદેશકશ્રી(ઇન્ટેલીજન્સ),ગુજરાત રાજ્ય,ગાંધીનગર ગાંધીનગરની કચેરીનો પત્ર ક્ર. બોર્ડર/ને.કમિટી./દરખાસ્ત/1201/2010 તા.27/11/2011

(2) વર્ષ ૨૦૧૧-૧૨ નું અંદાજપત્ર પ્રકાશન નં.૧૨ પાના નં.158.

**ઠરાવ:-**

નેશનલ કમિટી ઓન સ્ટ્રેન્ધનીંગ મેરીટાઇમ એન્ડ કોસ્ટલ સિક્યુરીટીની નવી દિલ્હી ખાતે તા.14/5/2010ના મળેલ ત્રીજી બેઠકમાં નક્કી થયા મુજબ રાજ્યના દરિયાકાંઠા વિસ્તારના માછીમારોને સુરક્ષાના સંદર્ભમાં જાણકારી અને તાલીમ આપવા માટે માછીમારીની ઓફ સીઝન (જુન થી ઓગસ્ટ માસ) દરમિયાન માછીમારોને તાલીમ આપવા ફીશરમેન અવેરનેસ પ્રોગ્રામ અંગેની અધિક પોલીસ મહાનિદેશકશ્રી(ઇન્ટેલીજન્સ),ગુજરાત રાજ્ય,ગાંધીનગરની સદર્ભ (1)માં દર્શાવેલ દરખાસ્તને વિચારણામાં લેવામાં આવેલ હતી.

2. પુખ્ત વિચારણાના અંતે પ્રથમ તબક્કે દરિયાકાંઠા વિસ્તારના (1)કચ્છ (2)જામનગર (3) જુનાગઢ, અને (4)પોરબંદર જિલ્લાઓ માટે ફીશરમેન અવેરનેસ પ્રોગ્રામ માટે રૂ.50,00,000/- (અંકે રૂપિયા પચાસ લાખ પુરા) નો નીચેની શરતો સાથે ખર્ચ કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે

(1) આ અંગેનો ખર્ચ સને 2011-12ની બજેટરી જોગવાઇને આધીન રહી ગૃહ વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(2) આ અંગેનો ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નક્કી કરવામાં જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણોને આધીન નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(3) સુચિત યોજનાનુ અસરકારક મોનિટરીંગ  અધિક પોલીસ મહાનિદેશકશ્રી(ઇન્ટેલીજન્સ), ગુજરાત રાજ્ય,ગાંધીનગરએ  કરવાનુ રહેશે અને યોજનાનો મુળ હેતુ જળવાય તે રીતે પારદર્શક અમલ સત્વરે કરવાનો રહેશે.

3. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક-43 મુખ્ય સદર ૨૦૫૫-પોલીસ, પેટા મુખ્ય સદર-00, ગૌણ સદર-101 ગુના શોધ-તપાસ અને તકેદારી, પેટા સદર-01 છુપી પોલીસ ખાતુ(આયોજન મતપાત્ર) હેઠળ ચાલુ વર્ષ (વર્ષ 2011-12)ના બજેટમાં થયેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

4. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર અધિક મુખ્ય સચિવશ્રી નાણા વિભાગની તા.૮/૪/૨૦11ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એન.ડી.નિસરતા)
સેકશન અધિકારી
ગૃહ વિભાગ

પ્રતિ,
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય મુખ્યમંત્રીશ્રીના (નાણાં)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય રાજ્ય કક્ષાના મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી(ઈન્ટે.), ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(ગૃહ), સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ.
- સેકશન અધિકારીશ્રી/બજેટ શાખા, ગૃહ વિભાગ.
- શાખા સિલેક્ટ ફાઈલ.